### ડીપોઝીટ એટલે કે થાપણ ખાતું ખોલતી વખતે કઈ બાબતોનું ધ્યાન રાખવું?

1) થાપણો સ્વીકારવી અને ધિરાણ કરવું અથવા રોકાણ કરવું એ બેંકોનું મુખ્ય કાર્ય રહ્યું છે. થાપણો પૂરતા પ્રમાણમાં મેળવવી અને તે પણ શક્ય તેટલી ઓછી કિંમતે જેથી બેંકની નફાકારકતા વધી શકે, તે બેંક માટે એક પડકારરૂપ અને ખૂબ જ મહત્વનું કાર્ય છે.

2) **થાપણ ખાતું ખોલતી વખતે રાખવાની તકેદારી.**

a) બેંકની થાપણોમાં ઘણા બધા પ્રકાર ના ફ્રોડ થયેલા છે. તેથી બેંકોએ થાપણો સ્વીકારીને તેના ખાતાઓનું ખાસ તકેદારી પૂર્વક સંચાલન કરવું અને રિઝર્વ બેંકના નિયમોનું પાલન કરવું તે પણ એક અગત્યનું પાસું છે.

b) **The Prevention of Money Laundering Act (PMLA), 2002 હેઠળ, બેંકને માત્ર ખાતામાં થતા વ્યવહારોની પ્રક્રિયા કરતાં પણ વધુ મહત્વપૂર્ણ જવાબદારીઓ સોંપવામાં આવી છે. બેંકે "તમારા ગ્રાહકને ઓળખો" (KYC) માર્ગદર્શિકાઓનું કડક પાલન કરવું, વિગતવાર રેકોર્ડ રાખવા, શંકાસ્પદ પ્રવૃત્તિઓની જાણ કરવી અને વ્યાપક "એન્ટી-મની લોન્ડરિંગ" (AML) માળખું અમલમાં મૂકવું જરૂરી છે. આ જવાબદારીઓની સમજ માત્ર બેંક માટે જ નહીં, પરંતુ ગ્રાહકો માટે પણ અત્યંત આવશ્યક છે, કારણ કે આ નિયમોનું ઉલ્લંઘન ગંભીર દંડમાં પરિણમે છે.**

c) નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ 1881 ની અંદર પણ બેંક ને પોતાના ગ્રાહક ના ચેક નું કલેક્શન કરવું કે પેમેંટ કરવા માટે જે કેટલાક પ્રોટેક્શન મળેલા છે તે પણ જો બેંકે “ગુડ ફેથ અને વિધાઉટ નેગ્લીજન્સ” (એટલે કે કોઈપણ પ્રકારની બેદરકારી દાખવ્યા વિના) કરેલ હોય તો જ મળે છે. આથી જ બેન્કની થાપણો સ્વીકારતી વખતે બેંકના સ્ટાફે કોઈ પણ પ્રકારની બેદરકારી દાખવવી ના જોઈએ.

3) **બેન્કની થાપણો સ્વીકારતી વખતે કઈ બાબતો ધ્યાનમાં રાખવી?**

a) નવી થાપણ સ્વીકારતી વખતે બેંકે RBI ની વખતો વખતની સંપૂર્ણ માર્ગદર્શિકા મુજબ ખાતેદારના કેવાયસી દસ્તાવેજ લેવા જોઈએ.

b) ખાતું ખોલતી સમયે ઇંટ્રોડક્શન લેવાની જરૂર નથી.

c) બેંકમાં નવું ખાતું ખોલતી સમયે ખાતેદારના તાજેતરના ફોટોગ્રાફ મેળવવા ફરજીયાત છે.

d) એક જ વ્યક્તિ કે ખાતેદારની જુદી જુદી થાપણો માટે દરેક માં ફોટો લેવાની જરૂર નથી. દાખલા તરીકે જો ખાતેદાર બેંકમાં બચત ખાતું ધરાવે છે અને હવે તે રિકરિંગ ડિપોઝિટ કે ફિક્સ્ડ ડિપોઝિટ ખાતૂ ખોલવવા માંગે છે, તો તેના માટે અલગથી ફોટો લેવાની જરૂર નથી. ખાતુ ખોલવાના ફોર્મ માં ફક્ત ક્રોસ રેફરન્સ દર્શાવવો.

e) સંયુક્ત રીતે ખોલવાના ખાતામાં દરેક ખાતેદાર ના ફોટોગ્રાફ મેળવવા જરૂરી છે.

f) ફોટોગ્રાફ મેળવવામાંથી અપવાદ

જો ખાતેદાર તેના ખાતામાં કોઈ ગેરરીતિ કરે, તો પોલીસ તેને ઓળખી શકે તે માટે ફોટોગ્રાફ લેવામાં આવે છે. નીચે જણાવેલા કિસ્સાઓમાં જ્યાં પોલીસ ઓથોરિટી અન્ય રીતે ખાતેદારની ઓળખ કરી શકે તેમ હોય તો, તેવા કિસ્સાઓમાં ખાતેદારના ફોટોગ્રાફ લેવાની જરૂર નથી. દાખલા તરીકે,

I) બેંક ના પોતાના સ્ટાફના ખાતાઓ (જોઇંટ અથવા સિંગલ)

II) કોઈ અન્ય બેંકના ખાતાઓ અથવા ગવર્નમેંટ ડિપાર્ટમેંટ, વગેરેના ખાતાઓમાં તેમને ઓપરેટ કરનાર વ્યક્તિઓ ના ફોટા લેવાની જરૂર નથી.

CBRDE

III) જો કોઇ થાપણદાર કેશ ક્રેડીટ કે ઓવર ડ્રાફ્ટ લેવા માગતો હોય તો તેવા કેસમાં પણ ફોટોગ્રાફ લેવાની જરૂર નથી કારણ કે તે થાપણદાર નો ફોટોગ્રાફ બેંક પાસે રેકોર્ડ માં છે.

g) **ખાતેદારના સરનામા વિશે સૂચના**

i) બેંકોએ ખાતેદારનું સંપૂર્ણ સરનામું મેળવવું જોઈએ.

ii) નવા ખાતેદારે દર્શાવેલું સરનામું બેંકે સ્વતંત્ર રીતે ખરાઈ કરવું જોઈએ.

iii) આ માટે બેન્ક તે સરનામે ચેક બુક, વેલકમ કીટ અથવા આભાર દર્શનનો પત્ર પોસ્ટ દ્વારા મોકલીને અથવા રૂબરૂ મુલાકાત લઈને સરનામાંની ખરાઈ કરી શકે છે. આ રીતે સરનામાં ની ખરાઈ કર્યાની નોંધ ખાતું ખોલવાના ફોર્મ ઉપર મેનેજરે કરવી જોઈએ.

h) **અન્ય સાવધાની**

**પરમેનેન્ટ એકાઉન્ટ નંબર**: બેંકે ખાતેદારનો પરમેનેન્ટ અકાઉન્ટ નંબર (PAN) મેળવવો જોઈએ. જો કોઇ ખાતેદાર રૂપિયા 50,000 કે તેથી વધુ રકમ રોકડ ભરાવીને ખાતું ખોલાવે તેવા કિસ્સામાં PAN અવશ્ય મેળવવો જોઈએ. ખાતેદારે આપેલ PAN ની ચકાસણી ઇશ્યૂઇંગ ઓથોરિટી દ્વારા આપવામાં આવતી ચકાસણી માટે ની ફેસિલિટી પરથી કરવી જોઈએ.

i) **ખાતું ખોલવાની અધિકૃતતા (Authorisation)**: એક વાર બેંક સાથે ખાતેદાર ખાતું ખોલે છે ત્યાર પછી તે ખાતાનો તે ઉપયોગ કે દુરુપયોગ પણ કરી શકે છે અને કેટલાક કિસ્સાઓમાં તે ફ્રોડ પણ કરી શકે છે. તદુપરાંત તેનો ઉપયોગ એન્ટી મની લોન્ડ્રિંગ માટે પણ કરી શકે છે. તેથી નવું ખાતું ખોલવા માટે બ્રાન્ચ મેનેજર (અથવા મોટી બેંન્કોમાં અકાઉંટ ડિપાર્ટમેંટના હેડ) ને જ સત્તા હોવી જોઈએ. ઉપરાંત નવા

CBRDE

ઓપન થયેલા ખાતાઓ ને છ માસ સુધી તેમાં થતા દરેક વ્યવહાર ઉપર બ્રાન્ચ મેનેજર અથવા ઉપર જણાવ્યાં મુજબ જે ઓફિસરે અકાઉન્ટ ઓપન કર્યું છે તેમણે ખાસ નજર રાખવી જોઈએ. આવા ખાતાઓનો ઉપયોગ જો મની મ્યૂલ તરીકે થતો હોય, કે મની લોન્ડરિંગ તરીકે થઇ રહ્યો છે તેવું જણાય તો, આવા ખાતાઓ FIU (IND) ને રિપોર્ટ કરવો જોઈએ. જો બ્રાન્ચ મેનેજર તેમ કરવામાં કસુર કરે તો તે પોતે PMLA હેઠળ જવાબદાર બની શકે છે.

J) બેંકે ખાતું ખોલવાની તમામ પ્રક્રિયાઓ બેંકના પરિસરમાં જ પૂર્ણ કરવી જોઈએ અને કોઈપણ દસ્તાવેજ (Document) બહાર લઈ જવાની મંજૂરી આપવી નહીં. જો ઉપરોક્ત નિયમમાં અપવાદ કરવો અત્યંત જરૂરી હોય, તો બેંકે નીચેના પગલાં તરીકે તકેદારી રાખવી જોઈએ:

- અધિકારીને ખાતેદારના ઘરે વિગતો ચકાસવા માટે મોકલવો
- 'વેરીફિકેશન શીટ' ઉપર ખાતેદારનો ફોટોગ્રાફ લગાવી તેની ઉપર સહી કરાવી અન્ય વિગતો ચકાસવી.
- ખાતું ખોલવાના ફોર્મ અને સંબંધિત સૂચનાઓ ગ્રાહકને રજિસ્ટર્ડ એકનોલેજમેન્ટ ડ્યૂ દ્વારા મોકલવી જેથી તેઓ ખાતામાં કોઈપણ વ્યવહાર શરૂ કરતા પહેલા તેની ચકાસણી કરી શકે.

આ રીતે બેંકો ખાતું ખોલવાની પ્રક્રિયામાં સુરક્ષા અને વિશ્વસનીયતા જાળવી શકે. યાદ રાખો કે તમારી બેંકમાં તમારા દ્વારા ખોલવામાં આવેલા ખાતાનો દુરુપયોગ કરીને મની લોન્ડ્રિંગ થતું હશે તો તે FIU (IND) ને રિપોર્ટ કરવો જરૂરી છે અને જો તમારી જાણ બહાર આવા વ્યવહારો ચાલુ રહેશે તો તે માટે આપ જવાબદાર છો. કોઈ પણ ખાતેદાર તેના ખાતા દ્વારા બેંકનો દુરુપયોગ ન કરે તે જોવાની ફરજ બ્રાન્ચ મેનેજર ની છે.

CBRDE

4) નવા ખાતાઓમાં રાખવાની સાવચેતી: નવા ખાતામાં તરત જ અથવા થોડા સમયની અંદર જ્યારે મોટી રકમના ચેક/ડ્રાફ્ટ વસૂલાત માટે રજૂ કરવામાં આવે, અથવા મોટી રકમ RTGS/NEFT દ્વારા જમા થાય ત્યારે ખાસ ધ્યાન આપવું જોઈએ. આવા કેસોમાં, ચેક/ડ્રાફ્ટની અને ખાતાધારકની અસલિયતની સંપૂર્ણ રીતે ચકાસણી કરવી આવશ્યક છે. ઉપરાંત, બેંકે કલેક્ટિંગ બેંકર સાથે સંપર્ક કરીને મોટી રકમના ચેક/ડ્રાફ્ટની અસલિયતની પુષ્ટિ કરવી જોઈએ. અને અલ્ટ્રા વાયોલેટ લેમ્પ હેઠળ ચકાસીને એ ખાતરી કરવી જોઈએ કે તેમાં કોઈ રાસાયણિક ફેરફારો કરીને ફેરફાર કરવામાં આવેલા નથી.

5) **દરેક ખાતાઓમાં કરવામાં આવતા રોકડ વ્યવહારોની તકેદારી:**

i) મોટી રકમના રોકડ ઉપાડ માટે નજીકથી દેખરેખ રાખવાની વ્યવસ્થા અમલમાં મૂકવી જોઈએ. જ્યાં તૃતીય પક્ષના ચેક, ડ્રાફ્ટ વગેરે હાલના અથવા નવા ખોલાયેલા ખાતામાં જમા કરવામાં આવે છે અને ત્યારબાદ મોટી રકમના રોકડ ઉપાડ થાય છે, ત્યાં બેંકોને આવા રોકડ ઉપાડ માટે ગ્રાહકોની વિનંતીઓ પર યોગ્ય નજર રાખવી જોઈએ.

આવી દેખરેખ બેંકોને શંકાસ્પદ પ્રવૃત્તિઓ ઓળખવામાં અને નાણાકીય વ્યવસ્થાની સુરક્ષા જાળવવામાં મદદરૂપ થાય છે.

ii) બેંકોને ₹5 લાખ અથવા તેથી વધુ રકમના રોકડ જમા અને ઉપાડ પર નજીકથી દેખરેખ રાખવાની વ્યવસ્થા અમલમાં મૂકવી જોઈએ — માત્ર ડિપોઝિટ ખાતાઓમાં નહીં, પરંતુ કેશ ક્રેડિટ/ઓવરડ્રાફ્ટ જેવા અન્ય તમામ ખાતાઓમાં પણ.

**દેખરેખ માટે પગલાં:**

- દરેક ₹5 લાખ અથવા તેથી વધુ રોકડ જમા અને ઉપાડ માટે અલગ રજિસ્ટર રાખવું. કોર બેંન્કિંગ સિસ્ટમમાં આવા વ્યવહારો નો રિપોર્ટ જનરેટ થઈ શકવો જોઈએ.

- **જમા માટે વિગતો**: ખાતાધારકનું નામ, ખાતા નંબર, જમા કરેલી રકમ
- **ઉપાડ માટે વિગતો**: ખાતાધારકનું નામ, ખાતા નંબર, ઉપાડની રકમ, ચેકના લાભાર્થીનું નામ

**રોકડ વ્યવહારો નું રિપોર્ટિંગ**

શાખા મેનેજર દ્વારા દરેક ₹5 લાખ અથવા તેથી વધુ રોકડ જમા/ઉપાડ અંગે હેડ ઓફિસને પખવાડિયે અહેવાલ મોકલવો

અહેવાલમાં ખાતાધારકનું નામ, ખાતા નંબર, ખાતું ખોલ્યાની તારીખ વગેરે વિગતવાર માહિતી હોવી જોઈએ

**હેડ ઓફિસની કામગીરી**:

- શાખાઓથી પ્રાપ્ત થયેલા અહેવાલોની તાત્કાલિક છાનબીન કરવી
- જો વ્યવહારો શંકાસ્પદ લાગે, તો અધિકારીઓને તપાસ માટે મોકલવા
- શંકાસ્પદ વ્યવહારો ની સંપૂર્ણ માહિતી FIU (IND) ને રિપોર્ટ કરવી

6) તકેદારીની અન્ય મહત્વપૂર્ણ બાબતો નીચે મુજબ છે:

a) **ચેક લખનારની સહીની ચકાસણી**: દરેક ચેક પરની સહી ખાતામાં રહેલી નમૂનાની સહી સાથે યોગ્ય રીતે મેળ ખાતી હોવી જોઈએ.

b) **નમૂનાની સહી કાર્ડ્સની સુરક્ષા**: આ કાર્ડ્સ ખૂબ જ સંવેદનશીલ દસ્તાવેજો હોય છે અને તેમને સુરક્ષિત રીતે રાખવા જરૂરી છે.

c) **ચેકબુકના વિતરણ પર દેખરેખ અને ખાલી ચેકબુક/પાનાંઓની સુરક્ષા**: ચેકબુક જારી કરતી વખતે યોગ્ય નિયંત્રણ અને નોંધણી કરવી જોઈએ.

d) **મોટી રકમના ચેક અલ્ટ્રા વાયોલેટ લેમ્પ હેઠળ ચકાસવા**: ચેકની વિગતોમાં કરવામાં આવેલા રાસાયણિક ફેરફાર સામે સુરક્ષા માટે આ પગલું જરૂરી છે.

CBRDE

e) **ટોકનના વિતરણ અને સુરક્ષા, કાઉન્ટર પર આપવામાં આવેલા ચેકની હલચાલ અને ચુકવણી પછી સાધનોની સુરક્ષા**: દરેક તબક્કે યોગ્ય દેખરેખ રાખવી જોઈએ.

f) **ખાતા બંધ કરતા/સ્થાનાંતરિત કરતા પહેલા બાકી રહેલી ચેકબુકો જમા કરાવવી**: ગ્રાહકોને અનઉપયોગી ચેકબુકો પાછી આપવાનું કહેવું જોઈએ.

g) **જ્યારે ઓપરેટિંગ સૂચનાઓમાં ફેરફાર થાય ત્યારે**: શાખાના વરિષ્ઠ અધિકારી દ્વારા યોગ્ય રીતે તેની ચકાસણી કરવી જરૂરી છે.

આ તમામ પગલાં બેંકિંગ વ્યવસ્થાની સુરક્ષા અને વિશ્વસનીયતા જાળવવા માટે અત્યંત મહત્વપૂર્ણ છે.

7) **ચેકબુક જારી કરવાની પ્રક્રિયા માટે નીચેના નિયમોનું પાલન કરવું જરૂરી છે:**

a) **નવી ચેકબુકો** માત્ર સહી કરેલી રિક્વિઝિશન સ્લિપના આધારે જ જારી કરવી.

b) જો ચેકબુક રિક્વિઝિશન **પત્રના** આધારે જારી કરવામાં આવે, તો **ખાતેદારે જાતે શાખામાં આવવું જોઈએ**, અથવા તો ચેકબુક **રજિસ્ટર્ડ પોસ્ટ દ્વારા મોકલવી.**

c) **અલગ ચેક પાનાંઓ** (Loose Cheques) માત્ર ત્યારે જ જારી કરવા જ્યારે **ખાતેદાર જાતે રિક્વિઝિશન પત્ર સાથે આવે અને પાસબુક રજૂ કરે.**

આ નિયમો ચેકબુક વિતરણમાં સુરક્ષા અને જવાબદારી સુનિશ્ચિત કરે છે.

8) **ખાતામાં ન્યૂનતમ બેલેન્સ ન જળવાય તો તે માટે ચાર્જ વસૂલવાની નીતિ**

**i)** જો ગ્રાહક અને બેંક વચ્ચે સંમતિ મુજબ ન્યૂનતમ બેલેન્સ / સરેરાશ ન્યૂનતમ બેલેન્સ જાળવવામાં નિષ્ફળતા થાય, તો બેંકે ગ્રાહકને સ્પષ્ટ રીતે SMS / ઇમેઇલ / પત્ર દ્વારા જાણ કરવી જોઈએ કે જો ખાતામાં ન્યૂનતમ બેલેન્સ એક મહિનાની અંદર પુનઃસ્થાપિત ન કરવામાં આવે, તો દંડરૂપ ચાર્જ લાગુ પડશે અને ખાતાધારકને જાણ કરીને વસૂલવામાં આવશે.

**ii)** દંડરૂપ ચાર્જની નીતિ બોર્ડ દ્વારા મંજૂર કરવી જરૂરી છે.

**iii)** દંડરૂપ ચાર્જ બેલેન્સની અછતના પ્રમાણમાં સીધા અનુપાતમાં હોવા જોઈએ. એટલે કે, દંડરૂપ ચાર્જ એ ન્યૂનતમ જરૂરી બેલેન્સ અને વાસ્તવિક જાળવેલા બેલેન્સ વચ્ચેના તફાવત પર નિર્ધારિત ટકાવારી પ્રમાણે વસૂલવા જોઈએ. ચાર્જ વસૂલવા માટે યોગ્ય સ્લેબ માળખું નક્કી કરવું.

CBRDE

iv) દંડરૂપ ચાર્જો વાજબી હોય અને સેવા પૂરી પાડવાની સરેરાશ કિંમતથી વધુ ન હોવો જોઈએ.

v) બચત ખાતામાં માત્ર ન્યૂનતમ બેલેન્સ જાળવવામાં નિષ્ફળતા માટે ચાર્જ વસૂલવાના કારણે નેગેટિવ બેલેન્સ ન થવું જોઈએ.

આ નીતિઓ બેંકિંગ વ્યવસ્થાની પારદર્શિતા અને ગ્રાહક હિત માટે મહત્વપૂર્ણ છે.

**9) ટ્રાન્ઝેક્શન ખાતાઓ (Transaction Accounts) અંગે માર્ગદર્શિકા –**

i) કરંટ ખાતા, કેશ ક્રેડિટ ખાતા (CC) અને ઓવરડ્રાફ્ટ ખાતા (OD) ગ્રાહકો દ્વારા તેમના Receipt and Payment વ્યવહારો માટે ઉપયોગમાં લેવાઈ શકે છે. બેંકો દ્વારા શ્રેષ્ઠ ક્રેડિટ મોનિટરિંગ થઈ શકે તે માટે, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ તાજેતરમાં કેટલાક નિર્દેશો જારી કર્યા છે. બેંકોને આ નિર્દેશોનું પાલન તાત્કાલિક કરવાનું અને વધુમાં વધુ 1 એપ્રિલ 2026 સુધીમાં પૂર્ણ કરવાનું સૂચન કરવામાં આવ્યું છે.

**ii) ટ્રાન્ઝેક્શન ખાતાઓ જાળવવા અંગેના નિયંત્રણો**

a) જ્યાં લોનધારકને બેંકિંગ સિસ્ટમ દ્વારા કુલ એક્સપોઝર ₹10 કરોડથી ઓછું છે, ત્યાં લોન આપતી કે ન આપતી બેંકો લોનધારકની જરૂરિયાત મુજબ ટ્રાન્ઝેક્શન ખાતાઓ જાળવી શકે છે.

b) જ્યાં લોનધારકને બેંકિંગ સિસ્ટમ દ્વારા કુલ એક્સપોઝર ₹10 કરોડ કે તેથી વધુ છે:

(i) લોનધારકની પસંદગી મુજબ બેંકિંગ સિસ્ટમની કોઈપણ બે લોન આપતી બેંકો ટ્રાન્ઝેક્શન ખાતાઓ જાળવી શકે છે, આ માટે શરત એ છે કે દરેક બેંક પાસે લોનધારક માટે બેંકિંગ સિસ્ટમના કુલ એક્સપોઝરમાં ઓછામાં ઓછો 10% હિસ્સો હોય, અથવા કુલ ફંડ આધારિત એક્સપોઝરમાં ઓછામાં ઓછો 10% હિસ્સો હોય.

**વિશિષ્ટ પરિસ્થિતિઓ:**

- જો કોઈ પણ બેંકમાં ઉપરોક્ત માપદંડો પ્રમાણેનો હિસ્સો ન હોય, અથવા માત્ર એક બેંક બેંકમાં જો ઉપરોક્ત પ્રમાણનો હિસ્સો હોય, તો **લોન આપતી બેંકોમાંથી સૌથી વધુ એક્સપોઝર ધરાવતી બે બેંકો** ટ્રાન્ઝેક્શન ખાતાઓ જાળવી શકે છે.
- જો કોઈ **શેડ્યુલ્ડ કોમર્શિયલ બેંક (SCB)** માં ઉપરોક્ત માપદંડો પ્રમાણેનો હિસ્સો ન હોય, પરંતુ લોનધારક SCB સાથે ટ્રાન્ઝેક્શન ખાતું રાખવા ઇચ્છે, તો તે **પસંદની કોઈ પણ એક**



CBRDE

**SCB** સાથે ખાતું રાખી શકે છે, **શરત એ છે કે તમામ લોન આપતી બેંકો પાસેથી No Objection Certificate (NOC)** મેળવવી પડશે.

- કોઈ પણ બેંક — લોન આપતી કે ન આપતી — **કલેક્શન ખાતા** જાળવી શકે છે.

**10) – કલેક્શન ખાતાનું અર્થઘટન:**

- **કલેક્શન ખાતું** એ ટ્રાન્ઝેક્શન ખાતાનું એક પ્રકાર છે, જે **માત્ર રોકડની રસીદ (Cash Recipt) માટે** ઉપયોગમાં લેવાય છે.
- આવા ખાતામાં જમા થયેલા નાણાં **બે કામકાજના દિવસની અંદર** નિર્ધારિત ટ્રાન્ઝેક્શન ખાતામાં ટ્રાન્સફર થવા જોઈએ.
- જો કોઈ **કાયદેસર દાયિત્વ** (જેમ કે ટેક્સ અથવા બેંકના દાવા) હોય, તો તે રકમ ટ્રાન્સફર કરતા પહેલા ડેબિટ કરી શકાય છે.

**અપવાદો:**

નીચે દર્શાવેલ ખાતાઓ ઉપર ઉપરોક્ત નિયંત્રણો લાગુ પડતા નથી:

a) વિદેશી વિનિમય વ્યવસ્થાપન અધિનિયમ, 1999 (FEMA) હેઠળ ખોલવામાં આવેલા ખાતાઓ અને તેના હેઠળ જારી થયેલા સૂચનો અનુસાર ખોલવામાં આવેલા ખાતાઓ.

b) કાયદા અથવા નાણાકીય ક્ષેત્રના નિયમનકર્તા, કેન્દ્રીય સરકાર અથવા રાજ્ય સરકાર દ્વારા નિર્ધારિત વિશિષ્ટ ખાતાઓ અથવા વ્યવહારો.

c) નાણાકીય ક્ષેત્રના નિયમનકર્તા દ્વારા નિયંત્રિત સંસ્થાઓના ટ્રાન્ઝેક્શન ખાતાઓ, જે તેમના નિયમિત પ્રવૃત્તિઓ માટે ઉપયોગમાં લેવાય છે.

d) ઉપરોક્ત અપવાદિત ખાતાઓ ચલાવતી બેંકો એ ખાતરી કરવી કે આવા ખાતાઓમાં થયેલા વ્યવહારો **માત્ર અનુમતિપ્રાપ્ત/નિર્ધારિત હેતુઓ માટે** જ હોય. જો આવા ખાતાઓમાં વધારાની રકમ હોય, તો તે **નિર્ધારિત ટ્રાન્ઝેક્શન ખાતામાં ટ્રાન્સફર** કરવી જોઈએ.

**11) કમ્પ્લાયન્સ મોનિટરિંગ અને અન્ય નિયંત્રણો (Compliance Monitoring & Other Restrictions)**

a) **કમ્પ્લાયન્સ મોનિટરિંગ (Compliance Monitoring)**

i) બેંકોએ તેમના દ્વારા જાળવવામાં આવેલા ટ્રાન્ઝેક્શન ખાતાઓની નિયમિત રીતે દેખરેખ રાખવી જોઈએ — ઓછામાં ઓછું દર છ મહિને એકવાર.

CBRDE

ii) જો બેંકિંગ સિસ્ટમ દ્વારા લોનધારક માટેના કુલ એક્સપોઝર ₹10 કરોડ કે તેથી વધુ થઈ જાય, અથવા બેંકનો હિસ્સો કુલ એક્સપોઝર અથવા ફંડ આધારિત એક્સપોઝરમાં બદલાય અને બેંક ટ્રાન્ઝેક્શન ખાતું જાળવવા માટે પાત્ર ન રહે, તો બેંકે સંબંધિત ગ્રાહકને એક મહિનાની અંદર જાણ કરવી જોઈએ કે ટ્રાન્ઝેક્શન ખાતું કલેક્શન ખાતામાં રૂપાંતરિત કરવું કે બંધ કરવું પડશે. આ પ્રક્રિયા જાણ કર્યા પછી બે મહિનાની અંદર પૂર્ણ થવી જોઈએ.

iii) ટ્રાન્ઝેક્શન ખાતાઓને બેંકની કોર બેંકિંગ સોલ્યુશન (CBS)માં યોગ્ય રીતે ફ્લેગ કરવા જોઈએ જેથી સ્પષ્ટ ઓળખ અને અસરકારક દેખરેખ શક્ય બને. જો લોનધારક માટે અનેક ટ્રાન્ઝેક્શન ખાતાઓ જાળવવામાં આવે, તો તે તમામ ખાતાઓ અને તેમાંના રોકડ પ્રવાહો (cash Receipt) નું દેખરેખ **ખાતાધારક સ્તરે અને ખાતા સ્તરે બંને** રીતે કરવી જોઈએ.

**b) અન્ય નિયંત્રણો (Other Restrictions)**

આ નિર્દેશો lending agreement હેઠળ લોન આપતી બેંક દ્વારા લોનધારક પર મૂકવામાં આવેલા કાયદાકીય અને નિયમનકારી માપદંડો સાથે સુસંગત નિયંત્રણોને અસર કરતા નથી.

i) બેંકો એ ખાતરી કરવી જોઈએ કે ખાતાધારકો તેમના ટ્રાન્ઝેક્શન ખાતાઓનો ઉપયોગ માત્ર **અનુમતિપ્રાપ્ત વ્યવસાય અથવા પ્રવૃત્તિઓ** માટે જ કરે. આ ખાતાઓનો ઉપયોગ **તૃતીય પક્ષના વ્યવહારો માટે પાસ-થ્રૂ ચેનલ તરીકે** કોઈપણ પરિસ્થિતિમાં ન થવો જોઈએ. આવા ખાતાઓને CBSમાં યોગ્ય રીતે ફ્લેગ કરવા જોઈએ.

ii) બેંકો એ ખાતરી કરવી જોઈએ કે એવા ખાતાધારકો, જેમને રિઝર્વ બેંક દ્વારા ડિપોઝિટ સ્વીકારવા અથવા પેમેન્ટ સર્વિસ પૂરી પાડવા માટે લાઇસન્સ મળ્યું નથી, તેઓ આવી પ્રવૃત્તિઓ તેમના ટ્રાન્ઝેક્શન ખાતાઓ દ્વારા ન કરે.

ii) ઉપરોક્ત પ્રતિબંધિત ઉપયોગ જો ખાતાંઓમાં થતા હોય તો તે શોધી કાઢવા માટે મજબૂત મોનિટરિંગ સિસ્ટમ અમલમાં મૂકવી જોઈએ — જેમાં **અસામાન્ય ટ્રાન્ઝેક્શન વોલ્યુમ**, વારંવાર પાસ-થ્રૂ પ્રવૃત્તિઓ, અથવા **ખાતાધારકના ઘોષિત (ખાતું ખોલતી વખતે દર્શાવેલ) વ્યવસાય અને હકીકતમાં ખાતામાં થતા વ્યવહારો વચ્ચે અસંગતતા** દર્શાવતી ખાતાઓને ફ્લેગ કરવાની વ્યવસ્થા હોવી જોઈએ.

iii) બેંક દ્વારા મંજૂર કરેલી ટર્મ લોનની રકમ લોનધારકના ટ્રાન્ઝેક્શન ખાતામાં ન મોકલવી પરંતુ નિયમાનુસાર **લાભાર્થીના ખાતામાં સીધીજ જમા કરવી જોઈએ**



CBRDE

CBRDE